

# વિષય : Vision And Mission

- બિનીતાબેન ગોહિલ
આચાર્યશ્રી (ગ્રાન્ટેડ વિભાગ)

આજથી ૪૦ વર્ષ પૂર્વ સન્ ૧૯૮૪ માં શાળાના સર્જકોએ "**નારાયણ વિદ્યાલય**" નું સ્વપ્ન જોયું, એ દીર્ઘ દૃષ્ટાઓનું વિઝન હતું નારાયણનગર અને તેની આસપાસના લોકોને સારા શિક્ષણનો પર્યાય પ્રાપ્ત કરાવવો. સમાજને શિક્ષિત કરવાના શુભાશયથી વિચારેલું અને વાવેલું એ વૃક્ષ ૪૦ વર્ષ બાદ મોટી સંસ્થામાં પરિણમ્યું છે. ૪૦ વર્ષ પહેલાંના સ્વપ્નથી આપણે સૌ અહી ભેગા થયા છે અને હવે પછીના વર્ષોમાં નારાયણ વિદ્યાલય કયાં હશે? તે છે આપણું આજનું વિઝન...

આ વિઝનને સાકારિત કરવું એ આપણું મિશન છે. ઉચ્ચ બુધ્ધિમતા વાળા કૌશલ્યવાન યુવાનોનું નિર્માણ કરી રાષ્ટ્રને મૂલ્યવાન નાગરિકની ભેંટ ધરવી એ આજનું આપણું Mission છે.

Mission ની સફળતા માટે ઉદ્દેશ્યો, રણનિતિ અને કાર્ય યોજના અત્યંત જરૂરી છે. દરેક સંસ્થામાં હેતુઓની પરિપૂર્ણતા માટે સૌથી વધુ જવાબદાર કર્મચારીગણ છે, જે આ સ્વપ્નને, વધુને વધુ આત્મસાત્ કરી સંસ્થાકીય સફળતામાં પોતાનું યોગદાન આપી શકે.

દરેક સંસ્થાનું પોતાનું એક સંસ્થાકીય માળખું હોય છે. પ્રત્યેક સંસ્થાને કેન્દ્રીય મૂલ્યો અને માન્યતાઓથી ચાલતી હોય છે. સાથે જ સંસ્થા પ્રગતિના સોપાનો સર કરતી રહે તે માટે સંસ્થા પાસે વિચાર, કર્તૃત્વ, સાતત્ય હોય છે. આપણે સૌ કર્મચારી ગણ આપણા શાળાકીય પર્યાવરણને મજબૂત બનાવવા એવું શું કરીએ? જેથી આપણે ગૌરવાન્વિત બની શકીએ, તે માટે આપણે સૌ પ્રથમ આપણા કેન્દ્રીય મૂલ્યો વિશે જાણીએ.

**૧. પ્રામાણિકતા,સિધ્ધાંતો અને પારદર્શિતા સાથે શ્રેષ્ઠ કાર્ય કરવું.**

**૨. સંસ્થાકીય પર્યાવરણ સાથે સંકલનમાં રહી સામાજિક સિધ્ધાંતો સાથે જોડાયેલા રહી જવાબદારી પૂર્વક વ્યવસાયને જાળવવો.**

**૩. ગુણવત્તાના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખી શિક્ષણકાર્ય કરવાની સાથોસાથ સહશૈક્ષણિક પ્રવૃતિઓને પ્રમોટ કરવી.**

**૪. હિંમત અને ઉત્સાહ સાથે, સર્જનશીલતાનો પ્રયોગ કરી પડકારો ઝીલવામાં આગળ રહેવું.**

**૫. પૂર્વ પ્રાથમિક થી ઉચ્ચતર માધ્યમિક સુધીના તમામ સ્ટાફમિત્રો વચ્ચે એક શ્રેષ્ઠ સંસ્થાકીય વાતાવરણ જન્માવીને કાર્ય પ્રત્યે સમર્પિત રહેવું.**

હાલના તબકકે શિક્ષણમાં સતત પરિવર્તન નોંધાય રહ્યા છે ત્યારે સ્થાનિક પરિસ્થિતિઓમાંથી બહાર નીકળી વૈશ્વિક પરિસ્થિતિઓથી માહિતગાર બની વર્તમાન પ્રવાહો અને વિચારો સાથે તેમાં આવતી સમસ્યાઓના સમાધાન અંગે પોતાની ભાગીદારી નોંધાવે તેવા કર્મચારીઓની વિશેષ જરૂરિયાત રહે છે.

આવા સમયે આપણી સાથે જોડાયેલાં દરેક વિદ્યાર્થીઓના જીવનમાં વધુ વિકાસ અને વૃધ્ધિની સંભાવનાઓને સાકારિત કરવી, એવા જ મૂલ્યો સાથે નારાયણ વિદ્યાલયની core belief system ગોઠવાયેલ છે ત્યારે આપણે સૌ એ માળખામાં ગોઠવાયને શ્રેષ્ઠ Team Involvement સાથે મૂલ્યોનું જતન કરીએ અને શ્રેષ્ઠ શાળા તરીકેના Mission ને સમજણપૂર્વક શ્રેષ્ઠતાથી પાર પાડીએ.

આ સાથે આપણે સૌ કર્મચારીગણ એક વ્યકિતગત વિઝન રાખતા થઇએ. જે આપણા મિશનની પૂર્ણતા માટે ખૂબ જ જરૂરી છે. આ વિઝન એટલે ઉતમ વિષયવસ્તુ શીખતા રહી વિદ્યાર્થીઓને શીખવાડતા રહીએ તે છે, એનાથી આપણે આપણા વિષય પર પ્રભુત્વ મેળવી લઇ અને વિદ્યાર્થીઓને સારું શિક્ષણ આપવાનું શ્રેય પણ મેળવી શકીશું.

## શિક્ષકની પ્રાર્થના

હે પ્રભુ!
મારી નિશાળ તરફનો મારો
અનન્ય ભકિતભાવ હંમેશને માટે
મારા હૈયામાં વહેતો રહે....
માતા કરતાંય અધિક માતૃત્વ
મારામાં જાગૃત રહો.
જે મારા સંતાન નથી,
તેમના ઉપર પણ મને વાત્સલ્ય વરસાવવાની
શકિત સદૈવ માટે વરો.
માની જેમ તેમને પણ પાંખમાં લેવાનું મને આવડે.
મારી પાસે ભણતાં પ્રત્યેક
બાળકમાં મારા જીવનનો સંવાદ
પૂરવાની અને જીવંત કાવ્ય બનાવવાની કલા
મારામાં પ્રગટો.
જે કંઇ મારી નિશાળમાં હો
તે જનહિતાય, જનસુખાય હો
અને અલ્પને પણ ઉન્નત કરનારું હો.
મારી જીવન સરિતા
સરળતાથી નિર્મળ પણે વહેતી રહે.
મારી દ્રષ્ટિ
અગાધ અને અગોચરને શોધતાં ન થાકે તેવી હો.
મારું અધ્યયન અને અધ્યાપન
દંભરહિત અને અસંદિગ્ધ હો
જીવનની તુચ્છ આધિ, વ્યાધિ કે ઉપાધિ
મારા કાર્યમાં કયારેય અવરોધક ન હો
મારા હ્રદયમાં, માતાના હાથની
દુ:ખને વિસરાવી દેતી, મૃદુતા આવીને વસો.
ઇંટ માટીની મારી નિશાળમાં
પ્રાણ પૂરવા જેટલું મારામાં સામર્થ્ય હો.
એની કંકાલ કાયાને
ઉષ્મા આપી શકે તેવી મારામાં
અડગ શ્રધ્ધા હો.



# વિષય : પ્રભાવશાળી શિક્ષકો કેવા હોય ?

**બિનીતાબેન ગોહિલ**
આચાર્યશ્રી (ગ્રાન્ટેડ વિભાગ)

સરળ, સહજ અને નિખાલસ, જ્ઞાનવાન,
ઉર્જાવાન અને કરૂણાવાન, આત્મવિશ્વાસુ, નિર્ભય અને અનુશાસિત,
સંવેદનશીલ, વિષયવસ્તુ પર શ્રેષ્ઠ પકડ ધરાવનાર અને સરળ સમજૂતી આપનાર,
વાસ્તવિક જગત સાથે જોડનાર, પ્રશ્નો પૂછનાર અને જિજ્ઞાસાવૃતિ ઉત્પન્ન કરનાર,
પ્રેરણા અને માર્ગદર્શન પૂરા પાડનાર વગેરે વગેરે....

બધાને એમ થાય આટલું બધુ એક જ વ્યકિતમાં કેવી રીતે શકય બને? તો મારું માનવું છે કે જેનામાં આ બધું જ હોય તે જ પ્રભાવશાળી શિક્ષક. પહેલાના સમયમાં શિક્ષક વર્ગખંડનો રાજા હતો અને વિદ્યાર્થી તેની પ્રજા, જયારે આજના સમયમાં શિક્ષકે બનવાનું છે વિદ્યાર્થીના મિત્ર. વિદ્યાર્થીઓને પોતાના ગણીને, તેમની સાથે સમાનુભૂતિ અનુભવનાર શિક્ષક ધીમે ધીમે ઉપરોકત તમામ લાક્ષણિકતાઓનું પોતાનામાં સર્જન કરી શકે. શિક્ષણ અને વ્યવહાર બંને થકી બાળકોના મનને જીતવા ઇચ્છનાર દરેક શિક્ષકે સતત વિચારતા રહેવું પડે કે,મારું શિક્ષણ વિદ્યાર્થીઓ માટે આનંદપ્રદ અને રસપ્રદ કેવી રીતે બની રહે?

હાલમાં આપણે સૌ “GEN Z” સાથે કામ કરી રહ્યા છે. ટચ સ્ક્રીન સામે બેસી સેકન્ડ અને મિનીટમાં જગતના બધા જ પ્રશ્નોના ઉતર મેળવનારા આ વિદ્યાર્થીઓ ઘણા પ્રકારના Fact અને Knowledge થી સજજ છે, સાચું છે કે ખોટું તે સમજયા વિના મળતું આવું જ્ઞાન તેમના બાળમાનસમાં સરળતાથી ઉતરી રહ્યું છે સાથે જ તેમના Attention span ને નાનો બનાવી રહ્યું છે. ૩૫ થી ૪૦ મિનિટના પિરીયડમાં આ નાના Attention span વાળા વિદ્યાર્થીઓને,રસપ્રદ રીતે શિક્ષણ સાથે જોડી રાખવા એ હાલમાં ખૂબ જ કપરૂ કાર્ય બન્યું છે. ૨૧ મી સદીના આ બાળકોને કેવી રીતે શિક્ષણ આપવું કે જેથી તેમનામાં શિક્ષણની સાથે આત્માનુશાસનની ભાવના પણ કાયમી પણે વિકસિત થાય તે અંગે શિક્ષકે સચેતપણે માનસિક કસરત કરતા રહેવુ પડશે. સતત વિદ્યાર્થીના વર્તન વ્યવહારને નિહાળતા રહી તેમનામાં રહેલા ખોટા તત્વોને delete કરવા પ્રયત્નશીલ રહેવું પડશે. સાથે જ નવું શ્રેષ્ઠ સર્જન કરવાનો અવિરત પ્રયાસ પણ ચાલુ રાખવો પડશે. આ કાર્ય સરળ છે એવું નથી પરંતુ સાવ અશકય પણ નથી. શિક્ષક જો મનથી ધારે તો આ કાર્ય શિક્ષણ આપતાં આપતાં સહજતાપૂર્વક કરી નાખે છે.

જો શિક્ષક વિદ્યાર્થીનો શ્રેષ્ઠ મિત્ર બની રસપ્રદ રીતે જ્ઞાનની વહેંચણી કરી શકે,સ્પષ્ટ વિષયવસ્તુ વિદ્યાર્થીને સમજાવી શકે,Two way communication skill ના ઉપયોગથી વિદ્યાર્થી પાસેથી પણ જ્ઞાન અર્જિત કરી શકે,તો આ વિદ્યાર્થીઓને શિક્ષણ અભિમુખ કરવાની સાથે સાથે વાસ્તવિક જગત સાથે સંપર્ક કરાવી શકાય છે. અહી શરત માત્ર એટલી છે કે પોતાના વિષયની સાથોસાથ શિક્ષકે અન્ય કેટલાંક વિષયો પ્રત્યે પણ અનુરાગ રાખવો પડે. વર્તમાન પ્રવાહોથી પણ પરિચિત રહેવું પડે. જિજ્ઞાસાવાન શિક્ષક કેટલીક વાતો અને તેના તથ્યોની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરતાં કરતાં subject જ નહિ અન્ય બાબતોથી પણ connection વધારી શકે છે. આવા શિક્ષકો જ વિદ્યાર્થીના માનસપટલ પર ચિરકાળ સુધી પોતાની અલગ છાપ અંકિત કરવામાં સક્ષમ રહેતા હોય છે.

ચાલો આપણે સૌ પણ આપણા વિદ્યાર્થીઓ સાથે Friendly expressions નો પ્રયોગ કરીએ. જ્ઞાનવાન અને ઉર્જાવાન બની વિદ્યાર્થીઓને તેમના જીવનની શ્રેષ્ઠ કેડી પર ગોઠવવાનો એક નાનકડો યજ્ઞ કરીએ. તેમને ચિરંજીવી શિક્ષણ આપી તેમના માનસપટલ પર અમીટ છાપ ઉભી કરવા, શિક્ષક તરીકે શ્રેષ્ઠત્વને ઉજાગર કરી પ્રભાવશાળી શિક્ષક બનીએ.





**પરીક્ષા વગર તો શાળા પણ આગળ જવા દેતી નથી.**
**તો આ જીંદગી કેમ જવા દેશે સાહેબ !!**